## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**અમે આવકનો દાખલો ત્રણ વર્ષ ચાલે તેમ લંબાવ્યો છે... અમારા રહેતા ત્રણ વર્ષ સુધી કોઈની આવક વધવાની નથી જ એ અમને ખાત્રી છે...!!**

# મતગણતરી કેન્દ્ર ખાતે ૫૦૦ પોલીસ જવાનો તૈનાત રહેશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર મહાનગર પાલિકાની ચુંટણીની મતગણતરી પ્રક્રિયા તંત્ર દ્વારા પાંચ સ્થળે રાખવામાં આવી છે. મનપાના ૧૧ વોર્ડની ૪૪ બેઠકો માટે ચુંટણીમાં ઝંપલાવનાર ૧૬૨ ઉમેદવારોનું ભાવિનો ફેંસલો થશે. ત્યારે મતગણતરી કેન્દ્ર ખાતે પોલીસ તંત્ર દ્વારા ૬ ડીવાયએસપી, ૧૦ પીઆઈ, ૩૦ પીએસઆઈ અને ૫૦૦ થી વધુ પોલીસ જવાનો ખડેપગે હાજર રહેશે.

ગાંધીનગર મહાનગર પાલિકાની ચુંટણીમાં ત્રિપાખીયો જંગ ખેલાયો છે. મહાનગર પાલિકાની ચુંટણીમાં સરેરાશ ૫૬ ટકા મતદાન થયુ છે. ઈવીએમ મશીનો સેકટર-૧૫ ખાતે સ્ટ્રોંગ રૂમ ખાતે મુકી દેવાયા છે.

આવતીકાલે ૫ મી ઓકટોબરના રોજ સવારે ૮.૩૦ કલાકથી મતગણતરીનો પ્રારંભ થશે. જેમાં સૌથી પહેલા બેલેટ પેપર ચકાસવામાં આવશે. આવતી કાલે મતગતરી સેકટર-૧૫ વિનયન કોલેજ, સરકારી કોમર્સ કોલેજ, સરકારી સાયન્સ કોલેજ, આઈઆઈટીઈ સેકટર-૧૫ અને સ્વર્ણીમ સ્પોર્ટસ યુનિવર્સિટી ખાતે હાથ ધરાશે. મતગણતરી કેન્દ્ર ખાતે ઉમેદવારો રાજકીય પક્ષોના કાર્યકરો સહિત મોટી સંખ્યામાં આવતા હોવાથી મેળા જેવો માહોલ જોવા મળશે. ત્યારે તંત્ર દ્વારા મતગણતરી કેન્દ્ર ખાતે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પુરતો પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. જેમાં ૬ ડીવાયએસપી, ૧૦ પીઆઈ, ૩૦ પીએસઆઈ અને ૫૦૦ થી વધુ પોલીસ જવાનો ખડેપગે હાજર રહેશે.



ગાંધીનગરમાં જયાં ત્યાં કચરો પડેલો હોય તે નવી વાત નથી. સ્માર્ટ સીટીના અનેક દાવા છતાં આ સમસ્યા દૂર થતી નથી. 'ખ' રોડ પર મહાત્મા મંદિરની નજીક જ કચરાના ઢગલા જોવા મળી રહ્યા છે.



ગાંધીનગર મહાનગરપાલિકાની મેલેરીયા શાખામાં કાર્ય કરતા કર્મચારીઓને છેલ્લા બે મહિનાથી અડધો પગાર ચૂકવવામાં આવે છે. તેઓને પીએફ અને અન્ય લાભોથી પણ વંચિત રાખવામાં આવ્યા છે. આ અંગે વારંવાર રજૂઆત કરવામાં આવી હોવા છતાં રોજમદારોની આ સમસ્યાનો ઉકેલ આવતો નથી.

# ચિલોડા બ્રિજના છેડે ઉભા રહેલા ટ્રક પાછળ બાઈક અથડાતા બે ના મૃત્યુ

ગાંધીનગર, તા.૪

ચિલોડા બ્રિજના છેડે માર્ગ પર પાર્ક કરેલા ટ્રક પાછળ બાઈક ઘુસી જતા બે યુવકોના ઘટનાસ્થળે જ મૃત્યુ નિપજયા હતા. રાજસ્થાનના યુવકો અમદાવાદ થી વતન જવા માટે બાઈક લઈને નીકળ્યા હતા. બનાવ અંગે ચિલોડા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રાજસ્થાન ડુંગરપુરના દેવલપાલ પવન વકસિંહ કોટેડ અમદાવાદના ઠકકરનગર ખાતે રહે છે અને કડીયાકામ કરે છે. તેની સાથે તેના ત્રણ ભાઈઓ પણ કડીયાકામ કરે છે. તેનો ભાઈ સોહન બાઈક નંબર આર.જે.૧૨.એ.એસ.-૯૨૮૭ લઈને પોતાના વતન રાજસ્થાન જઈ રહ્યા હતા. તેની સાથે તેનો મિત્ર રાકેશ શંકર ખરાડી (રહે. ખેડાગાટી,બલીચા તા.નયાગાવ) પણ બાઈક પર બેઠો હતો. તે સમયે બાઈક મોટા ચિલોડા ખાતે આવેલા ઓવરબ્રિજના છેડે પહોંચતા ટ્રક નં. જી.જે.૧૮.જી.૬૪૧૨ ઉભી રહેલી હતી. તે સમયે બાઈકની પાછળના ભાગે બાઈક લઈને અથડાતા બાઈક ચાલકનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયુ હતું.જયારે પાછળના ભાગે બેઠેલા યુવકને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર માટે ખસેડાયા હતા. જયાં સારવાર દરમિયાન તેનું પણ મૃત્યું પહોંચ્યું હતું. બે યુવકોના મૃત્યુના સમાચાર મળતા પરિવારમાં શોકનુ મોજુ ફરી વળ્યુ હતું.જયારે બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# અડાલજ એટીએમ તોડવાનો પ્રયાસ કરનાર બે શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા.૪

આજથી પાંચ દિવસ અગાઉ અડાલજ શકિત કોમ્પ્લેક્ષ સ્થિત એટીએમને તોડી રોકડ રૂપીયાની ચોરી કરવાનો નિષ્ફળ પ્રયાસ કરનાર બે શખ્સોને ઉવારસદ ચોકડી પાસેથી બે શખ્સોને એલસીબી પોલીસે પકડી પાડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અડાલજ ખાતે આવેલા શકિત કોમ્પ્લેક્ષમાં આવેલા સેન્ટ્રલ બેંકના એટીએમ મશીનને તોડવાનો પ્રયાસ અંગે અડાલજ પોલીસ મથકે ગુનો નોંધાયો હતો. જેને પગલે એલસીબી પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વાય.વાય.ચૌહાણ અને હે.કો.લતીફખાન, જયપાલસિંહ, મુકેશસિંહ, પો.કો.રાજવીરસિંહ સહિતના કર્મચારીઓ પેટ્રોલીંગમા હતા. તે સમયે સાથે રહેલા લતીફખાન અને રાજવીરસિંહને સંયુકત બાતમી મળી હતી કે આજથી ચાર દિવસ



અગાઉ અડાલજ ખાતે એટીએમ તોડવાનો નિષ્ફળ પ્રયાસ કરનાર કલોલ ખાતે રહેતા ઈરફાન રસુલમિયા મલેક તેમજ ખોરજ ગામના તેના મિત્ર સબ્બીર લાલાભાઈ પઠાણે કર્યું છે. હાલ આ બંન્ને શખ્સ ઉવારસદ ચોકડી પાસે છે. પોલીસે બાતમીવાળી જગ્યા પરથી ઈરફાન રસુલમિયા મલેક (રહે. ભટીકાકાના મકાનમાં ગુલીસ્તા પાર્ક આયોજનનગર કલોલ), અને સબ્બીર ઉર્ફે સુલતાન લાલાભાઈ પઠાણ (દિવાન) (રહે. ખોરજ ગામ) શંકાસ્પદ હાલતમાં પકડી પાડ્યા હતા. પોલીસે આ શખ્સોને અડાલજ ગામે બેંક એટીએમ તોડવાના નિષ્ફળ પ્રયાસ અંગે પુછતાછ કરતા ગલ્લા તલ્લા કરવા લાગ્યા હતા. તેથી વધુ ઉંડાણપૂર્વક પુછપરછ કરતા પાંચ દિવસ અગાઉ બાઈક રાતના સમયે એલ સ્ટીલની પાઈપ સાથે અડાલજ શકિત કોમ્પ્લેક્ષ સ્થિત સેન્ટ્રલ બેંક એટીએમ તોડવા ગયા અને સ્ટીલની પાઈપથી એટીએમ તોડવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તે ન તુટતા તેઓ ભાગી ગયા હોવાની હકીકત જણાવી હતી. પોલીસે બંન્ને શખ્સો સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. ઈરફાન મલેક ગુનાહિત ઈતિહાસ ધરાવતો હોવાનું પણ જાણવા મળ્યું છે.

# ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા 'મુજમાં ગાંધી' કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૪


ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગાંધીજયંતી નિમિત્તે ઈન્ફોસિટી ક્લબ એન્ડ રિસોર્ટ, ગાંધીનગર ખાતે 'મુજમાં ગાંધી?' કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. 'મુજમાં ગાંધી?' કાર્યક્રમનો ઉદ્દેશ સમજાવતા ઉદગમના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. મયુર જોષીએ જણાવ્યું હતું કે ગાંધીજીને માત્ર બાહ્ય દેખાવથી નહિં પણ બાપુના આદર્શ વિચારોથી આત્મસાત કરવાથી જીવનમાં ખૂબ મોટો બદલાવ આવે છે. મહેમાનો અને વકતાઓનું સ્વાગત આશાબેન સરવૈયા, નિષ્ઠાબેન જોષી, દિક્ષિતાબેન જોષી અને મનોજભાઈ જોષી એ કર્યું હતું.

કાર્યક્રમના મુખ્ય મહેમાન ગાંધીનગરના જાણીતા સામાજિક સેવિકા શ્રીમતી ઈલાબેન જોષી એ તેમના વક્તવ્યમાં જણાવ્યું હતું કે મેં ગાંધીજી ને ખૂબ જ ગમતા ભજન 'પીડ પરાઈ જાણે રે....'ને આત્મસાત કરી લીધી છે. તેથી હું મારાથી બનતી શક્ય એટલી મદદ સમાજમાં નબળા વર્ગને કરવા માટે સતત સતર્ક, ઉત્સાહી અને પ્રયત્નશીલ રહું છું. ગાંધી વિચારોને જીવનમાં આત્મસાત કરનાર શ્રી વી.એસ ગઢવીએ ભાવાવેશ સાથે ગાંધીજીના જીવનમાંથી પ્રેરક પ્રસંગો ટાંકીને તેમની સરળતા અને સહજતા સાથે આપણે કેવી રીતે જીવી શકીએ છે તે સંદર્ભમાં વાત કરી હતી.

સમાજસેવી મમતાબેન રાવલે ગાંધીજીના જીવનમાંથી સંવેદનશીલતા, અનુભૂતિ સહાનુભૂતિ અને સમાનુભૂતિ દ્વારા જીવનને કેવી રીતે સહજ બનાવીને જીવી શકાય છે તે પોતાના જીવનના પ્રસંગો સાથે ખૂબ ભાવમાં આવીને શ્રોતાઓને પોતાનું વકતવ્ય આપ્યું હતું.

સાહિત્યકાર ધર્મેન્દ્રભાઈ ત્રિવેદીએ ગાંધીજીના વિવિધ પ્રસંગો ટાંકીને સાહિત્ય લખવામાં પોતાને ગાંધીજી કેવી રીતે મદદરૂપ થયા તે સહજતાથી કહીને, સરળતાથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. મનોજભાઈ જોશી એ આભાર દર્શન કરતાં જણાવ્યું હતું કે આવા અઘરા વિષયને ખૂબ સરળતાથી પ્રસ્તુત કરવા માટે ત્રણેય વકતાઓ ખૂબ ખૂબ અભિનંદનને પાત્ર છે.

ઉદગમના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. મયુર જોષીએ વિષય, વક્તા અને યોગ્ય સ્થળની પસંદગી ખૂબ જ ટૂંકા ગાળામાં સફળતા પૂર્વક પાર પાડતાં તેમનો પણ વિશેષ આભાર માન્યો હતો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે આશાબેન સરવૈયા, વૈજયંતીબેન ગુપ્તે, પરમજીત કૌર છાબડા, નિષ્ઠાબેન જોષી અને વાગ્મી જોષીએ ખુબ જહેમત ઉઠાવી હતી.




ગાંધીજયંતી નિમિતે એસ.કે ઇંગ્લિશ મીડિયમ સ્કૂલમાં સ્વચ્છતા અભિયાનનો કાર્યકમ ઓનલાઈન કરવામાં આવ્યો. જેમાં નાના નાના ભૂલકાંઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# પંડિત શ્યામજી કૃષ્ણ વર્માની ૧૬૪મી જન્મજયંતીએ પુષ્પાંજલી અપાઈ

ગાંધીનગર, તા. ૪

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભારતના ક્રાંતિ સંગ્રામના ક્રાંતિવીર અને ગુજરાતના સપૂત પંડિત શ્યામજી કૃષ્ણ વર્માની ૧૬૪મી જન્મતિથીએ ભાવસભર અંજલિ અર્પણ કરી હતી.

ભૂપેન્દ્રભાઈ પટેલે વિધાનસભા પોડિયમમાં સદ્દગત શ્યામજી કૃષ્ણ વર્માના તૈલચિત્ર સમક્ષ શ્રદ્ધાસુમન અર્પણ કરીને કૃતજ્ઞતા પ્રગટ કરી હતી.

પંડિત શ્યામજી કૃષ્ણ વર્માએ વિદેશની ધરતી પર રહીને ભારત માતાની સ્વતંત્રતા માટેની લડતમાં આગવું પ્રદાન કર્યુ હતું. તેમણે સ્થાપેલા ઈન્ડીયા હાઉસમાં વીર સાવરકર સહિત અનેક ક્રાંતિવીરોએ આશ્રય લઈને મા ભારતીના મુક્તિ સંગ્રામની પીઠીકા રચી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભારત માતાના સપૂત અને કચ્છની ધરાના પનોતા પુત્ર પંડિત શ્યામજી કૃષ્ણ વર્માને તેમની જન્મતિથી ભાવાંજલિ અર્પણ કરી તે અવસરે વિધાનસભા અધ્યક્ષા ડૉ. નિમાબહેન આચાર્ય પણ તેમની સાથે જોડાયા હતા.

રાજ્ય મંત્રીમંડળના મંત્રીઓ સર્વ રાજેન્દ્રભાઈ ત્રિવેદી, રાઘવજીભાઈ પટેલ, જગદીશ વિશ્વકર્મા, દેવાભાઈ માલમ સહિત ધારાસભ્યો, સાંસદો અને વિધાનસભા સચિવાલયના અધિકારીઓ, અગ્રણીઓએ પણ પંડિત શ્યામજી કૃષ્ણ વર્માને અંજલિ અર્પણ કરી હતી.

# આવતીકાલે સર્વ પિતૃ અમાસે શ્રાધ્ધપક્ષાની પૂર્ણાહૂતિ...

## જેમને પૂર્વજોના મૃત્યુની તિથિ યાદ નથી તેઓ સર્વ પિતૃ અમાસના દિવસે તેમના પૂર્વજો માટે શ્રાધ્ધ કરી શકે છે

ગાંધીનગર, તા. ૪

ભાદરવા મહિનાની અમાસ તિથિએ સર્વ પિતૃ અમાસ પર્વ ઉજવવામાં આવે છે. આ વર્ષે સર્વ પિતૃ અમાસ ૬ તારીખે, બુધવારના રોજ છે. શાસ્ત્રોમાં આ અમાસને મોક્ષ દાયિની અમાસ કહેવામાં આવે છે.

માન્યતા મુજબ આ દિવસ જ્ઞાત, અજ્ઞાત તમામ પિતૃને નિમિત્તે શ્રાધ્ધ કરવાનું વિધાન છે. કહેવામાં આવે છે કે આ દિવસે યોગ્ય વિધિપૂર્વક કરવામાં આવેલા શ્રાધ્ધથી પિતૃના આત્માને મુક્તિ મળે છે અને તે પોતાના કુટુંબીજનોને આશીર્વાદ પ્રદાન કરે છે.

### સર્વ પિતૃ અમાસના શ્રાધ્ધનું મહત્વ

પિતૃપક્ષની દરેક તિથીએ વિધિપૂર્વક શ્રાધ્ધ કરવામાં આવે છે. પણ અમાસ તિથીનુ મહત્વ વિશેષ છે કેમ કે આ દિવસે શ્રાધ્ધ કરવાથી પુરા ૧૬ દિવસના શ્રાધ્ધનું ફળ એક સાથે મળે છે. જો કોઈ કારણથી પૂર્વજોની અવસાનની તિથી ખબર ન હોય તો તે દિવસ શ્રાધ્ધ કરવાથી તેમને મુક્તિ મળે છે.

પિતૃઓ માટે શ્રાધ્ધપૂર્વક કરવામાં આવતાં મુક્તિ કર્મને શ્રાધ્ધ કહેવામાં આવે છે તથા પિતૃઓને તૃપ્ત કરવાની ક્રિયા અને દેવતાઓ-ઋષિઓને તલમિશ્રિત જળ અર્પિત કરવામાં આવે છે જેને તર્પણ કહેવામાં આવે છે. પિતૃપક્ષમાં સર્વ પિતૃ અમાસને ખૂબ જ ખાસ દિવસ માનવામાં આવે છે. ભાદરવા વદ અમાસ એ પિતૃઓની કૃપા મેળવવાનો ઉત્તમ દિવસ છે. આ દિવસે કોઈ પિતૃ કે જેનું શ્રાધ્ધ રહી ગયુ હોય તેનું શ્રાધ્ધ કરી શકાય છે. આ વખતે બુધવારે પિતૃ પક્ષ, મહાલયની પૂર્ણાહૂતિ થશે. તે સાથે જ શ્રાધ્ધપક્ષ પૂર્ણ થઈ જશે. મૃત્યુ તિથિએ શ્રાધ્ધ કર્યા બાદ પણ અમાસના દિવસે જાણ્યા અજાણ્યા છૂટી ગયેલાં તમામ પિતૃઓને શ્રાધ્ધ સાથે વિદાય આપવી જોઈએ. તેને મહાલય શ્રાધ્ધ પણ કહેવામાં આવે છે.

અને આ દિવસે જે જળ પિતૃને તર્પણ કરવામાં આવે છે તે સીધું પિતૃને મળે છે. ૨૧ વર્ષ પછી સર્વ પિતૃ અમાસના દિવસે ગજછાયા શુભ યોગ બને છે. આ સંયોગમાં શ્રાધ્ધ અને દાન કરવું ખૂબ જ શુભ મનાય છે. આ પહેલા ૭ ઓક્ટોબર ૨૦૧૦ના રોજ આ સંયોગ બન્યો હતો અને હવે ૮ વર્ષ પછી ૨૦૨૯માં ફરીથી ૭ ઓક્ટોબરના રોજ આ સંયોગ બનશે. પિતૃપક્ષની અમાસ બુધવારે છે અને આ દિવસે સૂર્ય-ચંદ્ર બંને બુધની રાશિ એટલે કે કન્યામાં રહેશે. આ દિવસે પિતૃઓ માટે દૂધ અને ઘી મિક્સ કરેલી ખીરનું દાન કરવાથી પિતૃઓ ૧૨ વર્ષ માટે તૃપ્ત થઈ જાય છે. આ દિવસે દાન કરવાથી દુ:ખોમાંથી મુક્તિ મળે છે. સાથે જ શ્રાધ્ધકર્મ કરનારને પણ તેનું પુણ્ય ફળ પ્રાપ્ત થાય છે.

## શેઠ સી.એમ. શાળામાં ઓનલાઈન તાલીમ યોજાઈ

ગાંધીનગર, તા. ૪

શેઠ સી.એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલમાંઓનલાઈન સ્વરક્ષણ તાલીમનું આયોજન કરાયું હતું. ધોરણ-૯ થી૧૨માં અભ્યાસ કરતી બાળકીઓ માટે હૌજરે ટ્રિક્ક પર ઓનલાઈન તાલીમ યોજાઈ હતી. સાંપ્રત સમયે સ્ત્રીઓ સમાજમાં પુરુષ સમોવડી બને અને તેમના પર જો કોઈ પણ શારીરિક હુમલો થાય તો એવા સંજોગોમાં પોતાને સુરક્ષિત કરી શકે તેવા ઉમદા હેતુને પૂર્ણ કરવા આ તાલીમનું આયોજન કરાયું હતું. શાળામાં અભ્યાસ કરતી કુલ ૧૧૦ વિદ્યાર્થીનીઓએ આ તાલીમમાં ઓનલાઈન તાલીમ લીધી હતી. ઓનલાઈન પોર્ટલ દ્વારા સર્ટીફીકેટ પણ મળ્યું હતું. શાળાના આચાર્ય ડૉ.ચેતનાબેન બુચ, આશાબેન પટેલ, ડિમ્પલબેન બેન્કર દ્વારા સુંદર માર્ગદર્શન પરું પાડવામાં આવ્યું હતું.




ગાંધીજયંતી નિમિત્તે ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ દ્વારા ઓનલાઈન અને ઓફલાઈન વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને શિક્ષકોએ પ્રાસંગિક માર્ગદર્શન આપ્યું હતું.

રક્તદાન મહાદાન

જન્મદિવસની શુભેચ્છા



શિવશંકર ડાહ્યારામ દવે
શ્રીમતી મીરાબેન શિવશંકર દવે

આપનું જીવન આનંદમય નીવડે તેવી પ્રાર્થના સહ... શુભેચ્છાઓ...

ડો. રશ્મિકાન્ત મહેતા ● ડો. રાજેન્દ્ર આનંદ ● સંજય થોરાત ● વિપિન ઓઝા ● સુરેશચંદ્ર સુધાળકર
પરિવાર : ભાનુપ્રસાદ દવે, પ્રકાશ દવે, ઋષિરાજ તથા સમગ્ર પરિવાર

## જાહેર નિવિદા

માહિતી નિયામકશ્રીની કચેરી દ્વારા વર્ષ ૨૦૨૧-૨૦૨૨ માટે પત્રકારોના એક્રેડિટેશન કાર્ડ તૈયાર કરવાના થાય છે. આ માટે કચેરી તરફથી આપવામાં આવનાર કાર્ડધારકોની વિગતોની ડેટા એન્ટ્રી, ફોટો સ્કેનીંગ, સિન્થેટીક પેપર પર ફોર કલરમાં પ્રિન્ટીંગ તેમજ ૨૫૦ માઈક્રોન હેવી લેમિશન સહિત અને કાર્ડ હોલ્ડર તથા **Press Media**ના લખાણ સાથેની દોરી (પટ્ટી) સાથેના નવી બે પ્રકારની ડિઝાઈન પ્રમાણે એક્રેડિટેશન કાર્ડ સમયમર્યાદામાં તૈયાર કરવાના રહે છે. આ માટે જરૂરિયાત મુજબ પત્રકારોના એક્રેડિટેશન કાર્ડ તૈયાર કરવા રસ ધરાવતી ગાંધીનગર જ સ્થાનિક પેઢીઓ / સંસ્થાઓ પાસેથી બંધ કવરમાં ઈ.એમ.ડી. ફી રૂ. ૬૦૦૦/- (અંકે રૂપિયા છ હજાર) સાથેના ભાવપત્રકો મંગાવવામાં આવે છે.

ટેન્ડર ફી રૂ. ૧૫૦૦/- (અંકે રૂપિયા એક હજાર પાંચસો પુરા) ટેન્ડર ફી રોકડા ચુકવવાથી તા. ૫/૧૦૨૦૨૧ થી તા. ૨૬/૧૦/૨૦૨૧ સુધીમાં સવારે ૧૧-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક દરમિયાન માહિતી નિયામકની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ૧લો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ખાતેથી રૂબરૂમાં ફીઝીકલ ટેન્ડર મળશે. ટેન્ડરની શરતો / નિયમોની વિગતો ટેન્ડર નોટીસમાંથી મળી શકશે. તા. ૨૭/૧૦/૨૦૨૧ના રોજ સાંજના ૫-૦૦ કલાક સુધીમાં ફીઝીકલ ટેન્ડર બંધ કવરમાં રજીસ્ટ્રી શાખામાં પરત કરી શકાશે.

**માહિતી/૧૨૦૨/૨૧-૨૨** **માહિતી નિયામક**

## BY PUBLICATION

No. 5364 /2021.
OFFICE OF THE LABOUR COURT
New Administrative Bldg., Gr. Floor,
Govt. Colony, Bandra (E), Mumbai-400051.
Date:- 30/09/2021

IN THE 5TH LABOUR COURT AT MUMBAI
BEFORE SMT. V.O. PATIL, JUDGE
APPLICATION (WCA) No. 80/c-25/2018

**Mr. Manoj Kumar T. Yadav .. Applicant/s**
V/s
**Mr. Rajendra Valjibhai Bhanushali and Anr.**
.. Opponent/s

To
Mrs. Rajendra Valjibhai Bhanusahali
A/10, Krishna Complex, GIDC, Gundlav,
Tal/Di-Valsad, Gujarat 396035

ZKHUHAS the above named applicant has presents an application in this Court against you for compensation in respect of the injured received by him/death of by accident said to have arisen out of and in the course of his employment as stated in the accompanying of the application. You are hereby summoned to appear in this Court, in person or by a pleader or any other person duly authorised in writing & able to answer all material question relating to the application or who shall be accompanied by same other person able to answer all such question on **28/10/21**, at 11.00 a.m. in the before noon to answer the day fixed for your appearance is appointed for the final disposal of the application, you must be prepared to produce on that day all the witness upon whose evidence & all the documents upon which you intent to relay in support of your defense.

Under rule 27 of the Workmen's Compensation Rule 1924, you are hereby required to file written statement in duplicated on or before **28/10/21.**

TAKE NOTICE that in default of your appearance on the day above mentioned, the applicated will be heard and determined in your absence.

Given under my hand & the seal of the Court.

Court Seal

**By Order**
**Sd/-**
**I/c Secretary**
**Labour Court, Mumbai**